**ફોજદારી તપાસ નં.૧૫૪/૨૦૨૬**

**<u>આંકઃ– ૧ લગત હુકમ</u>**

૧. રેકર્ડ લક્ષમાં લેતા તેમજ હાલની ફરીયાદ તથા કેસ પેપર્સ વંચાણે લીધા.આ કામના ફરીયાદીએ હાલની ફરીયાદ પોતે ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૨(૨૮) અંતર્ગત "સરકારી નોકર " તરીકે ફરજ બજાવતા હોય દાખલ કરેલી છે.જેથી આ કામે હાલની ફરીયાદ/ઇન્કવાયરી સબબ આરોપીને નોટીસ કરતા તેની ધારા ધોરણની બજવણી તેઓને થયેલ છે.જેથી આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે આજરોજ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલ છે.

૨. આજરોજ આ કામના આરોપીપક્ષની રજૂઆત ધ્યાને લેતાં તેઓએ હાલની ફરીયાદ સંબંધે કોઇ વાંધા કે દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ નથી.વધુમાં આરોપી તેમના વિ.વ.શ્રી મારફત હાજર રહી આંક–૬ થી પુરસીસ આપી સદર ફરીયાદ બાબતે સંજ્ઞાન લેવામાં આવે તો તેઓને કોઇ વાંધો તકરાર નથી તેવુ જાહેર કરેલ છે.તે સંજોગોમાં આકામે રજૂ ફરીયાદ અને કેસ પેપર્સ લેતાં આરોપી સામે ગુના સબબ પ્રથમ દર્શનીય ઇન્સાફી કાર્યવાહી ચલાવવા પુરતા અને સબળ કારણો જણાઇ આવે છે. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>– હુકમ –</u>**

૧. હાલની ફરીયાદ ઇન્કવારી રજીસ્ટરથી આથી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદર કેસ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી આરોપી સામે બી.એન.એસ.એસ.એકટની કલમ–૨૨૭ અન્વયે ફરીયાદ સબબના ગુના અંગેનો સમન્સ ઇસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સદર કેસની હવે પછીની મુદત તા.૧૧/૦૭/૨૦૨૬ ના રોજની રાખવાનો આથી હુકમ કરવામાં આવે છે.

| | |
|---|---|
| તા.૦૨/૦૭/૨૦૨૬<br>સુરત | (હિતેન્દ્ર કરશનભાઇ મેરીયા)<br>એડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,<br>મજૂર અદાલત,સુરત<br>Code No.GJ01279 |